ક્રમાંક:મઉમશબ/શાનિ/3944-77
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
જૂના સચિવાલય પાસે, સેક્ટર-૧૦/બી,
ગાંધીનગર.
તા. 20-3-25

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ, ગુજરાત રાજ્ય.

વિષય: શૈક્ષણિક દસ્તાવેજોમાં પિતાના નામના બદલે માતાનું નામ ઉમેરવા બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગના તા.૦૪/૦૩/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક ED/MSM/e-file/3/2022/2589/CHH બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૦૪/૦૩/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક ED/MSM/e-file/3/2022/2589/CHH મુજબ શૈક્ષણિક દસ્તાવેજોમાં પિતાના નામના બદલે માતાનું નામ ઉમેરવા બાબતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક:૧૨(ક) માં વિનિયમ-૧૨(ક)(૮)(૧) અને ૧૨(ક)(૮)(૨)ની જોગવાઈઓ ઉમેરી વિનિયમ-૧૨(ક) માં આ સાથેના પત્રક મુજબની નવી જોગવાઈને ઉમેરી સુધારો કરવાની શિક્ષણ વિભાગ દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

આથી, ઉક્ત બાબતે આ પ્રકારની રજૂઆત અન્વયે સંદર્ભ દર્શિત પત્રમાં જણાવ્યા મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ -૧૨ (ક) માં
સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2022/2589/CHH
સચિવાલય, ગાંધીનગર.
તા: 04 MAR 2025

વંચાણે લીધા:

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા: ૦૩/૦૮/૨૦૨૨ નો પત્ર ક્રમાંક: મઉમશબ/શાનિ/૬૩૦૮

**આમુખ :**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૦૩/૦૮/૨૦૨૨ ના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૧૨(ક) માં નવી જોગવાઈ ઉમેરી સુધારો કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૧૨ (ક) માં વિનિયમ ૧૨(ક) (૮) (૧) અને ૧૨(ક) (૮) (૨)ની જોગવાઇઓ ઉમેરી વિનિયમ ૧૨(ક) માં આ સાથેના પત્રક મુજબની નવી જોગવાઈને ઉમેરી સુધારો કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૮/૦૨/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(એ.જી.ચૌધરી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના</u>:-

- માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેંદ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- ના.સે.અ સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

પત્રક

શિક્ષણ વિભાગના તા. 04 MAR 2025 ના ઠરાવ ક્રમાંક ED/MSM/e-file/3/2022/2589/CHHસાથેનું પત્રક

| ક્રમ | વિનિમય ક્રમાંક | હાલની જોગવાઈ | નવી જોગવાઈ |
| --- | --- | --- | --- |
| ૧. | ૧૨(ક)(૮)(૧) | હાલ જોગવાઈ નથી. | શૈક્ષણિક દસ્તાવેજોમાં પિતાના નામને બદલે માતાનું નામ લખવું હોય તેવા કિસ્સામાં સિવિલ કોર્ટનો હુકમ, રાજપત્રમાં માતાનું નામ દાખલ થયાનો આધાર અને અનુષાંગિક પુરાવાઓ જેવા કે; માતાનું આધારકાર્ડ, કાયમી ખાતા નંબર (PAN) કાર્ડ, જાતિ (caste) પ્રમાણપત્ર, બેંક પાસબુક વગેરે રજૂ કર્યેથી જિલ્લા શિક્ષણાધિકારી આવો સુધારો કરી શકશે. |
| ૨. | ૧૨(ક)(૮)(૨) | હાલ જોગવાઈ નથી. | શૈક્ષણિક દસ્તાવેજોમાં જ્યારે બાળકના નામ પાછળ પિતાનું નામ હોય સંજોગોવસાત્ પિતા બદલાય એવા કિસ્સામાં સિવિલ કોર્ટનો હુકમ, રાજપત્રમાં માતાનું નામ દાખલ થયાનો આધાર અને અનુષાંગિક પુરાવાઓ, છૂટાછેડા કે પતિનું અવસાનના કિસ્સાઓમાં છૂટાછેડા થયાનો આધાર, છૂટાછેડા હુકમનામુ (Divorce decree) ફારગતીલેખ અને જો અવસાન થયેલ હોય તો મૃત્યુ પ્રમાણપત્ર અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય તો પુનઃલગ્નના પતિનું સંમતિ દર્શાવતું 'સોગંદનામું' રજૂ કર્યેથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આવો સુધારો કરી શકશે. |

સ્પષ્ટતા:

૧. આનુષંગિક આધાર-પુરાવા નીચે મુજબ ગણવાના રહેશે.

- અધિકૃત અધિકારી દ્વારા અપાયેલ અસલ જન્મ પ્રમાણપત્ર (જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૨/૧૭ અન્વયે અને ગુજરાત જન્મ મરણ નોંધણી નિયમો-૨૦૧૮ ના નિયમ-૮ મુજબ)ની જન્મ મરણ રજીસ્ટરમાં નોંધાયેલા હોય.
- જન્મ રજીસ્ટરમાં જે તે સક્ષમ અધિકારી દ્વારા થયેલ નોંધની પ્રમાણિત નકલ.
- પિતાના બદલે માતાનું નામ ઉમેરવું હોય તેવા કિસ્સામાં પિતાની સંમતિ આપતું સોગંદનામું. (પુખ્ત વયનું બાળક/વિદ્યાર્થી ન હોય તેવા કિસ્સામાં) માતાનું નામ રાખવા માતાની સંમતિ દર્શાવતુ સોગંદનામું.
- સિવિલ કોર્ટના હુકમની પ્રમાણિત નકલો.

૨. પિતા બદલાય તેવા કિસ્સામાં.

- બાળક આંગળિયાત તરીકે માતા સાથે જતું હોય ત્યારે દત્તક વિધાન માટે સક્ષમ સિવિલ કોર્ટનો હુકમ અનિવાર્ય બને. કારણ કે જન્મ સમયે બાયોલોજીકલ પિતા હોય તેની સંમતિ સોગંદનામા દ્વારા મેળવવી જરૂરી બને. તેથી આ સંજોગોમાં સક્ષમ સિવિલ કોર્ટના નિર્ણયની જ પ્રમાણિત નકલ અનિવાર્ય ગણાય. કોઈ પણ મહિલાના અગાઉના પતિ મૃત્યુ પામ્યા હોય કે છૂટાછેડા થયા હોય અને પુન: લગ્ન કરે ત્યારે તેવી મહિલા અને તેના નવા પતિ સંયુક્ત રીતે દત્તક વિધાન (Deed of adoption)ની પ્રક્રિયા કરે ત્યારે અગાઉના પતિને સંતાનો છે કે કેમ? અને તેમના સલામતી અને હકોના સંદર્ભમાં તે મહિલા અને તેના પતિએ ધ્યાનમાં લેવાના હોય છે. ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ની જોગવાઈમાં તેની કોઈ સ્પષ્ટતા કરવાની જરૂરીયાત રહેતી નથી. કારણ કે જે તે મહિલા, તેના પતિ કે દત્તકથી પ્રાપ્ત થયેલ બાળક કે અગાઉના બાળકોના હક અધિકાર જે તે કાયદા અન્વયે પ્રસ્થાપિત થયેલા હોય છે, તે અનુસાર સંબંધિત લોકોએ પાલન કરવાનું રહે.

- આ સંદર્ભમાં The Hindu Adoptions and Maintenance Act, 1956 ની કલમ-૯ ને ધ્યાનમાં રાખી દત્તક વિધાનની કાર્યવાહી થયેલી હોવી જોઈએ.